આફ્રિકી ફૂટબોલમાં અવનવુ

# સેનેગલે જીતેલું AFCON ટાઇટલ બે મહિના પછી મોરોક્કોને અપાતા વિવાદ

**સીએએફએ** સેનેગલની 1-0થી જીતને ઉલટાવીને મોરોક્કોના પક્ષમાં 3-0થી ડિફોલ્ટ જીતમાં ફેરવી દીધી

**જાન્યુઆરીમાં** રમાયેલી ફાઇનલમાં મેદાન છોડીને જતા રહેવા બદલ સેનેગલ હારેલું ગણાય : CAF

**સેનેગલે** ટાઇટલ છીનવવાના નિર્ણયને ગેરકાયદે અને અન્યાયી ગણાવીને ફગાવ્યો, અપીલ કરશે



ડાકાર (સેનેગલ), 18 માર્ચ (AP): આફ્રિકન ફૂટબોલમાં એક મોટો વિવાદ ફાટી નીકળ્યો છે. કન્ફેડરેશન ઓફ આફ્રિકન ફૂટબોલ (સીએએફ) એ આફ્રિકન કપ ઓફ નેશન્સ 2026 ફાઈનલના પરિણામને ઉલટાવીને મોરોક્કોને ચેમ્પિયન જાહેર કર્યું છે. આ નિર્ણય મંગળવારે લેવામાં આવ્યો હતો. સીએએફએ જાન્યુઆરીમાં રમાયેલી વિવાદાસ્પદ ફાઈનલમાં સેનેગલની 1-0થી જીતને ઉલટાવીને તેને મોરોક્કોના પક્ષમાં 3-0થી ડિફોલ્ટ જીતમાં ફેરવી દીધી હતી.

આ તરફ સેનેગલ તેનું આફ્રિકા કપ ઓફ નેશન્સ ટાઇટલ કાયદાકીય લડાઈ વિના છોડવા તૈયાર નથી. દેશના ફૂટબોલ ફેડરેશને જણાવ્યું છે કે તે યજમાન મોરોક્કો સામેની અરાજકતાભરી ફાઈનલમાં ટીમની જીતને રદ કરવાના અન્યાયી, અભૂતપૂર્વ અને અસ્વીકાર્ય નિર્ણય સામે અપીલ કરશે. સેનેગલની સરકારે વધુમાં જણાવ્યું હતું કે તે આ નિર્ણયને પલટાવવા માટે તમામ યોગ્ય કાયદાકીય માર્ગો અપનાવશે અને આફ્રિકન ફૂટબોલની સંચાલન સંસ્થામાં શંકાસ્પદ ભ્રષ્ટાચારની આંતરરાષ્ટ્રીય તપાસની માગ કરી છે.

સીએએફની અપીલ સમિતિએ જણાવ્યું હતું કે સેનેગલ દ્વારા મેદાન છોડી દેવું એ ટુર્નામેન્ટના નિયમોના કલમ 82 અને 84નું ઉલ્લંઘન હતું. આ નિયમો હેઠળ, જે ટીમ પરવાનગી વિના મેચ છોડી દે છે તેને હાર માનવામાં આવે છે. તેના આધારે, મેચનું પરિણામ બદલવામાં આવ્યું હતું અને મોરોક્કોને 3-0ના માર્જિનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

### કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટમાં અપીલ

સેનેગલ ફૂટબોલ ફેડરેશન (એફએસએફ)એ જણાવ્યું કે આ નિર્ણય આફ્રિકન ફૂટબોલને બદનામ કરે છે અને તેઓ સ્વિટ્ઝર્લેન્ડના લૌઝેન સ્થિત કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (સીએસએ)માં આ સંબંધે વહેલી તકે અપીલ કરશે. આ પ્રક્રિયામાં સામાન્ય રીતે ચુકાદો આવતા એક વર્ષનો સમય લાગે છે.

### ડાકારમાં આઘાતની લાગણી

સીએએફના આ નિર્ણયથી સેનેગલમાં ભારે રોષ અને આઘાત છે. સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે મેદાન પર રમીને મેળવેલી ટ્રોફી બે મહિના પછી પાછી ખેંચવી એ હાસ્યાસ્પદ છે. ટેક્સી ડ્રાઈવર અબ્દુલાયે દિઉફે કહ્યું, આખી દુનિયાએ જોયું કે અમે કાયદેસર રીતે જીત્યા છીએ. સેનેગલ મેદાન પર ચેમ્પિયન છે, મોરોક્કોને કોર્ટમાં ચેમ્પિયન બનવું હોય તો ભલે બને.

### નિયમો અને કાયદા શું કહે છે

સીએએફએ તેના નિર્ણયમાં આફ્રિકા કપના નિયમોની કલમ 82 અને 84 નો ઉલ્લેખ કર્યો છે. કલમ 82 મુજબ, જો કોઈ ટીમ રેફરીની પરવાનગી વિના મેચના નિયમિત અંત પહેલા રમવાની ના પાડે અથવા મેદાન છોડી દે તો તે રમત હારી જાય છે. જોકે, ઇન્ટરનેશનલ ફૂટબોલ એસોસિએશન બોર્ડ (આઇએફએબી) નો નિયમ 5 જણાવે છે કે મેચમાં શું થાય છે તે નક્કી કરવાની સંપૂર્ણ સત્તા રેફરી પાસે છે અને રેફરીનો નિર્ણય અંતિમ ગણાય છે.

### CAFના નવા નિર્ણયથી વિવાદ વધ્યો

જાન્યુઆરીમાં સીએએફએ બંને ફેડરેશન પર 1 મિલિયન ડોલરથી વધુનો દંડ ફટકાર્યો હતો, પણ ત્યારે રમતની હાર-જીતના પરિણામમાં કોઈ દખલ કરી નહોતી. પરંતુ મંગળવારના નવા નિર્ણયમાં મોરોક્કોના ખેલાડીઓ અને ફેડરેશન પરના દંડમાં મોટી રાહત અપાતા વિવાદ વધ્યો છે.

## ગંભીરે વિચાર્યું કે રોહિત, વિરાટ અને મારો સમય પૂરો થયો તો તેમાં ખોટું શું? : અશ્વિન

**ઓસ્ટ્રેલિયા** પ્રવાસમાં જે રીતે મને ટીમમાં અંદર-બહાર કરાયો તેનાથી મને સમજાયું કે મારો સમય પુરો થયો

**કોચ** તરીકે ગંભીરનો પોતાનો દૃષ્ટિકોણ હોઈ શકે, ટીમના ભવિષ્ય અંગે કડક નિર્ણયો લેવાનો તેને અધિકાર છે



નવી દિલ્હી, તા. 18 : રવિચંદ્રન અશ્વિનની નિવૃત્તિ ભારતીય ક્રિકેટ ચાહકો માટે એક મોટો આંચકો હતો. ડિસેમ્બર 2024 માં ઓસ્ટ્રેલિયા સામે બ્રિસ્બેન ટેસ્ટ પછી અચાનક નિવૃત્તિની જાહેરાત કરીને તેણે બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. હવે, લાંબા વિલંબ પછી, અશ્વિને આ નિર્ણય પાછળનું સાચું કારણ જાહેર કર્યું છે. તેણે સ્પષ્ટતા કરી કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન તેને જે રીતે ટીમમાંથી અંદર, બહાર કરવામાં આવ્યો હતો તે દર્શાવતું હતું કે હવે યુવા ખેલાડીઓને જગ્યા આપવાનો સમય આવી ગયો છે. રવિચંદ્રન અશ્વિને કહ્યું કે મારી સૌથી મોટી તાકાત સમયસર નિર્ણયો લેવાની છે. પર્થ ટેસ્ટ પછી, જ્યારે મને ફરીથી પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવામાં આવ્યો, ત્યારે મને ખબર પડી ગઈ કે મારો સમય પૂરો થઈ ગયો છે. હું એવા ખેલાડીઓમાંથી એક નથી જે ટીમમાં વાપસીની આશા રાખીને ફરે છે. અશ્વિને કોચ ગૌતમ ગંભીર સાથેના પોતાના સંબંધો અને ટીમમાં પક્ષપાતના અહેવાલો વિશે પણ ખુલ્લેઆમ વાત કરી. તેણે કહ્યું કે કોચ તરીકે ગંભીરનો પોતાનો દૃષ્ટિકોણ હોઈ શકે છે અને ટીમના ભવિષ્ય અંગે કડક નિર્ણયો લેવાનો તેને અધિકાર છે. અશ્વિને સ્વીકાર્યું કે ગંભીરને એવું લાગે છે કે તેનો, અથવા વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા અનુભવી ખેલાડીઓનો સમય, પૂરો થઈ ગયો છે તેમાં કંઈ ખોટું નથી. ગૌતમ ગંભીરની કાર્યનિષ્ઠા અંગે અશ્વિને કહ્યું કે જો કોઈ ગૌતમથી નારાજ થવાનો કોઈને હક હોય તો તે હું જ છું, કારણ કે મારી કેરિયર તે કોચ બનતાની સાથે જ સમાપ્ત થઈ ગઈ હતી. પરંતુ આપણે આપણા અહંકારને બાજુ પર રાખવા પડશે. કોચનું કામ ટીમના ભવિષ્યને સુરક્ષિત કરવાનું છે.

## A+ ગ્રેડ દૂર થતાં બુમરાહને થયેલા બે કરોડના નુકસાનનું BCCI વળતર આપી શકે

**બીસીસીઆઇ** બુમરાહને થયેલા રૂ. બે કરોડના નુકસાનની ભરપાઇ કેવી રીતે કરી શકાય તે શોધવાના પ્રયાસમાં

મુંબઇ, તા. 18 : બીસીસીઆઈએ ફેબ્રુઆરીમાં 2025-26 સીઝન માટે ટીમ ઈન્ડિયા માટે જાહેર કરેલા નવા વાર્ષિક કોન્ટ્રાક્ટમાંથી A+ ગ્રેડ દૂર કરીને ખેલાડીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા. બોર્ડના તાજેતરના નિર્ણય મુજબ, ફક્ત ત્રણ ક્રિકેટર કેપ્ટન શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાને ગ્રેડ A માં સ્થાન આપવામાં આવ્યું હતું અને તેમને વાર્ષિક રૂ. 5 કરોડ મળશે. જો કે A+ ગ્રેડમાં સામેલ ક્રિકેટર્સને સાત કરોડ મળતા હતા, કોહલી, રોહિત અને જાડેજા એક કે બે ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે, પરંતુ તેમનું ડિમોશન સમજી શકાય તેવું હતું. જોકે, બુમરાહ બધા ફોર્મેટમાં રમી રહ્યો છે, અને તેના ડિમોશનનો અર્થ એ છે કે તેને વાર્ષિક 2 કરોડ રૂપિયાનું નુકસાન થશે. હવે એવા અહેવાલો આવ્યા છે કે બીસીસીઆઈ બુમરાહને થયેલા આ બે કરોડ રૂપિયાના નુકસાનની ભરપાઈ કરી શકે છે. બીસીસીઆઈના એક સૂત્રએ કહ્યું કે બોર્ડ બુમરાહને કેવી રીતે વળતર આપી શકાય તે શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### IPL 2026ના શરૂઆતના તબક્કામાં ઇશાન કિશન સનરાઇઝર્સનો કેપ્ટન

હૈદરાબાદ, તા. 18 (પીટીઆઇ) : સનરાઇઝર્સ હૈદરાબાદે બુધવારે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) 2026ની શરૂઆતની મેચો માટે ભારતના વિકેટકીપર-બેટ્સમેન ઇશાન કિશનને વચગાળાના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે, જ્યારે અભિષેક શર્માને વાઇસ કેપ્ટન તરીકે નિયુક્ત કરાયો છે. નિયમિત કેપ્ટન પેટ કમિન્સ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્રેન્ચાઇઝીએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે પેટ કમિન્સ તેની ઈજામાંથી સ્વસ્થ થવા દરમિયાન કેટલીક મેચો ગુમાવશે. જ્યાં સુધી તે સ્વસ્થ ન થાય ત્યાં સુધી ઇશાન કિશન કેપ્ટન રહેશે અને અભિષેક શર્મા વાઇસ કેપ્ટન રહેશે.

### પોન્ટિંગે IPL માટે મોડા આવવાની માર્કો યાન્સનની માગ સ્વીકારી

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ) : પંજાબ કિંગ્સના મુખ્ય કોચ રિકી પોન્ટિંગે માર્કો યાન્સનના આઈપીએલ માટે મોડા આગમનને મંજૂરી આપી છે કારણ કે દક્ષિણ આફ્રિકાનો ઓલરાઉન્ડર ટી-20 વર્લ્ડકપ પછી લોજિસ્ટિકલ સમસ્યાઓના કારણે ભારતથી મોડા સ્વદેશ રવાના થનારા ખેલાડીઓના છેલ્લા જૂથમાં હતો. પંજાબ કિંગ્સ ટીમના મુખ્ય સભ્ય યાન્સન 26 માર્ચે ટીમમાં જોડાશે. પોન્ટિંગ અને મોટાભાગના વિદેશી ખેલાડીઓ 21 માર્ચે ટીમમાં જોડાશે.

## પુત્ર અને પિતાને મળવાની ઉત્સુકતાને કારણે શિવમ દુબેએ ટ્રેનમાં મુસાફરી કરી

**કોઇ** ફ્લાઇટ ઉપલબ્ધ ન હોવાથી પત્ની અને મિત્ર સાથે શિવમ ટ્રેન દ્વારા વહેલી સવારે 5.10 વાગ્યે નીકળ્યો હતો

મુંબઇ, તા. 18 : અમદાવાદમાં ટી-20 વર્લ્ડકપ ફાઇનલમાં ભારતની જીતના કલાકો પછી, ભારતીય ઓલરાઉન્ડર શિવમ દુબેએ અમદાવાદથી ટ્રેન દ્વારા મુંબઈ જવાના પોતાના નિર્ણય વિશે ખુલાસો કર્યો કે તે તેના પુત્ર અને પિતાને મળવા માટે ઉત્સુક હતો; તેથી, તે ટીમના બાકીના ખેલાડીઓ સાથે ફ્લાઇટ પકડવા માટે રાહ ન જોઈ શકતા પોતાની પત્ની અને મિત્ર સાથે3-ટાયર એસી ટ્રેનમાં ચઢી ગયો કારણ કે રૂટ પરની બધી ફ્લાઇટ્સ બુક થઈ ગઈ હતી. તેણે કહ્યું હતું કે હું મારા બાળક અને મારા પિતાને મળવા માટે બેચેન અનુભવી રહ્યો હતો, તેથી જ હું સવારે વહેલો જ નીકળી ગયો હતો. દુબેને લાગ્યું કે ટ્રેન સૌથી કાર્યક્ષમ વિકલ્પ છે. એક અખબાર સાથે વાત કરતા, તેણે ખુલાસો કર્યો કે તેણે ફ્લાઇટ બુક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ પણ ઉપલબ્ધ નહોતી. પોતાનું નામ ગુપ્ત રાખવા માટે, દુબેએ ટોપી, માસ્ક અને લાંબી બાંયનો ટી-શર્ટ પહેર્યો હતો. તેમણે વ્યૂહાત્મક રીતે સવારે 5:10 વાગ્યે પ્રસ્થાન કરવાનું પસંદ કર્યું હતું.

## થોમસ અને ઉબેર કપમાં ભારત ડિફેન્ડીંગ ચેમ્પિયન ચીનના ગ્રુપમાં

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ) : ભારતીય પુરુષ અને મહિલા ટીમોને અનુક્રમે થોમસ અને ઉબેર કપ માટે ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીન સાથે સમાન ગ્રુપમાં મૂકીને મુશ્કેલ ડ્રો આપવામાં આવ્યા છે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (બીડબલ્યુએફ)એ બુધવારે ડ્રોની જાહેરાત કરી. થોમસ કપની 34મી એડિશન અને ઉબેર કપની 31મી એડિશન 24 એપ્રિલથી ત્રીજી મે દરમિયાન ડેનમાર્કના હોર્સેન્સમાં યોજાશે. બેંગકોકમાં 2022ની ફાઇનલમાં 14 વખતના ચેમ્પિયન ઈન્ડોનેશિયાને 3-0 થી હરાવીને પોતાનો પહેલો ખિતાબ જીતીને ઈતિહાસ રચી તેઓ ટ્રોફી જીતનાર માત્ર છઠ્ઠો દેશ બનનાર ભારતની પુરુષ ટીમને ચીન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સાથે ગ્રુપ 'A'માં મૂકવામાં આવી છે. ભારત 2024ની પાછલી ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં ચીન સામે હાર્યું હતું. ભારતીય મહિલા ટીમને ઉબેર કપના ગ્રુપ Aમાં ડિફેન્ડીંગ અને 16 વખતના ચેમ્પિયન ચીન સાથે રાખવામાં આવી છે.

